# બોર્ડ પરીક્ષા: તણાવ, મૂંઝવણ બાદ હાશકારો













## પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓમાં ખુશી

**નવસારીમાં** ધો. 10ના માતૃભાષા પેપરમાં 17,772 વિદ્યાર્થીઓ હાજર, 383 ગેરહાજર

**ધોરણ**-12માં ભૌતિકશાસ્ત્ર થોડું અઘરું રહ્યું, અર્થશાસ્ત્ર સરળ; ગેરરીતિ વગર પ્રથમ દિવસ પૂર્ણ

નવસારી: નવસારી જિલ્લામાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાનો પ્રથમ દિવસ કડક વ્યવસ્થા અને શાંતિપૂર્ણ માહોલ વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં તણાવ અને ઉત્સુકતા બંને જોવા મળ્યા હતા, પરંતુ પેપર સરળ રહેતાં પરીક્ષા પૂર્ણ થયા બાદ તેમના ચહેરા પર આત્મવિશ્વાસ અને રાહત સ્પષ્ટ દેખાઈ હતી.

વિદ્યાર્થીઓની સુવિધા માટે આ વર્ષે પણ નવસારી અને ચીખલી એમ બે ઝોનમાં પરીક્ષા કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરીક્ષા શરૂ અને પૂર્ણ થતાં સમયે શહેરની અનેક શાળાઓની આસપાસ વાલીઓની ભીડને કારણે ટ્રાફિકનો દબાણ સર્જાયો હતો. પોલીસ અને સ્થાનિક પ્રશાસન દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. ધોરણ 10માં માતૃભાષા તરીકે ગુજરાતી, અંગ્રેજી, મરાઠી અને ઉર્દુ વિષય માટે કુલ 17,772 વિદ્યાર્થીઓ નોંધાયેલા હતા, જેમાંથી 383 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓના પ્રતિભાવ મુજબ માતૃભાષાનું પેપર સરળ અને અભ્યાસક્રમ આધારિત રહ્યું હતું. નિબંધ વિભાગમાં "સ્વદેશી અપનાવો - દેશ સમૃદ્ધ બનાવો", "મારો મનપસંદ શિક્ષક" અને "મારો યાદગાર પ્રવાસ" જેવા વિષયો પૂછાતા વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસપૂર્વક પોતાના વિચારો રજૂ કર્યા હતા. જોકે કેટલાક વિદ્યાર્થીઓએ પેપર થોડું લાંબું હોવાથી સમય સંચાલનમાં પડકાર અનુભવ્યો હોવાનું જણાવ્યું હતું.

બપોર બાદ ધો. 12ની પરીક્ષા યોજાઈ હતી. વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર વિષય માટે 4,959 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે 40 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓના પ્રતિભાવ મુજબ પેપર થોડું અઘરું અને વિશ્લેષણાત્મક હતું, છતાં મોટા ભાગના વિદ્યાર્થીઓએ સારો પ્રયાસ કર્યો હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રનું પેપર મોટાભાગના વિદ્યાર્થીઓ માટે સરળ રહ્યું હતું. કુલ 6,102માંથી 6,073 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને 29 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સમગ્ર જિલ્લામાં પરીક્ષા શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ વાતાવરણમાં પૂર્ણ થતાં પ્રથમ દિવસ સકારાત્મક રહ્યો હતો.

## વલસાડમાં બોર્ડ પરીક્ષાઓનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

**કલેક્ટર**,ડી.એસ.પી. અને ડી.ડી.ઓ.એ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

વલસાડ : ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10 અને ધો.12ની.બોર્ડ પરીક્ષાઓની શરૂઆત ગુરુવારથી થઈ હતી. વલસાડ જિલ્લામાં પરીક્ષામાં કુલ 51415 વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધો.10માં ગુજરાતી અંગ્રેજીનું પ્રથમ પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશ ખુશાલ ચેહરે પરીક્ષા ખંડમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. એ અગાઉ વલસાડ ડી.એસ.પી યુવરાજસિંહ જાડેજા કોન્વેન્ટ સ્કૂલ પહોંચી વિદ્યાર્થીઓને શુભેછા પાઠવી મોઢું મીઠું કરાવી, કુમકુમ તિલક કરી ચોકલેટ આપી શુભેચ્છા આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી ટ્રાફિકમાં ફસાઈ તો તાત્કાલિક કંટ્રોલ રૂમ.ઉપર ફોન કરો, પોલીસ વિદ્યાર્થીની મદદ માટે પહોંચી જશે. વલસાડના કલેક્ટર અને ડી.ડી. ઓ અને જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજશ્રી ટંડેલએ પણ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. તો બીજી તરફ વલસાડના કોન્વેન્ટ અને આવાબાઈ સ્કૂલના પરીક્ષા કેન્દ્રો મુખ્ય માર્ગ ઉપર હોય પરીક્ષા શરૂ થવા છૂટવા સમયે ગંભીર ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને ધ્યાને લેતા વધુ પોલીસ અને હોમગાર્ડ કર્મચારી મૂકવામાં આવે જેથી ટ્રાફિક જામ ન સર્જાઈ અને વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે.

**વલસાડમાં ધો.10ના 293 વિદ્યાર્થી ગેરહાજર**

| વિષય | કુલ વિદ્યાર્થી | હાજર | ગેરહાજર |
|---|---|---|---|
| ભાષા | 13105 | 12812 | 293 |
| ભાષા( વાપી ઝોન ) | 12164 | 11929 | 235 |

### દમણમાં ધો. 10ના ભાષા પેપરમાં 25 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા



દમણ : આજથી ગુજરાત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાની શરૂઆત થઈ છે. ત્યારે સંઘપ્રદેશ દમણમાં ધો. 10 ના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમના કુલ 1515 વિદ્યાર્થી પૈકી આજે ભાષાના પ્રથમ પેપરમાં 24 વિદ્યાર્થીઓ ગેરહાજર રહેતા કુલ 1539 વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્ર પર ઉત્સાહભેર સાથે વર્ગખંડમાં પરીક્ષા આપતા જોવા મળ્યા હતાં. એસ.એસ.સી.માં કુલ 5 યુનિટના 54 બ્લોકમાં સાર્વજનિક વિદ્યાલય, અવર લેડી ઓફ ફાતિમા, શ્રી માછી મહાજન સ્કૂલ તથા મોટી દમણ સરકારી સ્કૂલમાં ચૂસ્ત વ્યવસ્થા સાથે પરીક્ષા શરૂ કરવામાં આવી હતી. બપોરે ધોરણ 12 એચ.એસ.સી.ની સામાન્ય, વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં કુલ 1207 વિદ્યાર્થીઓ પૈકી 6 વિદ્યાર્થી ગેરહાજર રહેતા કુલ 1213 વિદ્યાર્થીઓ પરીક્ષા આપતા જોવા મળ્યા હતાં.

### પારડીમાં પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ સાથે વાલીઓનો ધસારો

**પારડી**: પારડીમાં ધો.10 અને 12 ના વિદ્યાર્થીઓની પરીક્ષાના આરંભ સાથે પરીક્ષા કેન્દ્ર બહાર મોટી સંખ્યામાં વાલીઓનો પણ ધસારો જોવા મળ્યો હતો. તો સાથે આજે પારડી ડીસીઓ હાઈસ્કૂલ તથા સ્વનિર્ભર શાળા ખાતે શિક્ષકોએ બાળકોને કંકુ-તિલક કર્યા હતા તેમજ ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ, વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન. કે. દેસાઈ ની ટીમ, પારડીના ભાજપ-કોંગ્રેસના અગ્રણીઓએ બાળકોને ચોકલેટ આપી મોં મીઠું કરાવી, બોલપેન આપી શુભેચ્છા પાઠવી હતી. આજે ધો. 10 ના વિદ્યાર્થીઓનું પ્રથમ ગુજરાતીનું પેપર હતું. ડીસીઓ શાળામાં કુલ 15 બ્લોકમાં 408 વિદ્યાર્થીઓ હાજર અને 6 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે સ્વનિર્ભર શાળામાં કુલ 14 બ્લોકમાં 419 વિદ્યાર્થીઓમાંથી 414 હાજર અને 5 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા તેમજ ધો.10ની વિદ્યાર્થિનીનું અકસ્માત થતાં અને 2 વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અલગ વર્ગમાં સુંદર વ્યવસ્થા વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. રાજેશ્રી ટંડેલ દ્વારા કરવામાં આવી હતી. આજરોજ બપોરે ધો. 12 કોમર્સના વિદ્યાર્થીઓનું આજે ઇકોનોમિક્સ નું પેપર હતું. ડીસીઓ શાળા માં કુલ 15 બ્લોક માં કુલ 283 280 હાજર, 3 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

## ઓલ ધ બેસ્ટ: ડાંગમાં બોર્ડની પરીક્ષાનો આરંભ

**ડાંગ**ના બે મુખ્ય કેન્દ્રો પર 399 વિદ્યાર્થીમાંથી 396 હાજર રહ્યા, 3 વિદ્યાર્થી ગેરહાજર

સાપુતારા: ધોરણ-10(SSC) અને ધોરણ-12 (HSC) ની વાર્ષિક પરીક્ષાઓનો આજથી ડાંગ જિલ્લામાં ઉમંગભેર પ્રારંભ થયો છે. વલસાડ-ડાંગના સાંસદ અને નાયબ મુખ્ય દંડક ધવલ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈન તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને બોલપેન આપી અને મોઢું મીઠું કરાવી 'ઓલ ધ બેસ્ટ' કહી આશીર્વાદ આપ્યા હતા. ડાંગ જિલ્લા કલેક્ટર સહિત જિલ્લા પોલીસ વિભાગના અધિકારીઓએ પણ વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી. આંકડાકીય માહિતી મુજબ, ધોરણ-10 (SSC) માં આહવા ઝોનમાં કુલ 3553 વિદ્યાર્થી નોંધાયા હતા, જેમાંથી 3487 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને 66 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પ્રથમ દિવસે ગુજરાતી (FL) અને અંગ્રેજી (FL) વિષયના પેપરો સાથે પરીક્ષાનો પ્રારંભ થયો હતો. તેવી જ રીતે ધોરણ-12 (HSC) વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ દિવસે 'ભૌતિક વિજ્ઞાન' (Physics) વિષયની પરીક્ષા યોજાઈ હતી, જેમાં ડાંગ જિલ્લાના બે મુખ્ય કેન્દ્રો પરથી નોંધાયેલા 399 વિદ્યાર્થીમાંથી 396 હાજર રહ્યા હતા અને માત્ર 3 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે સામાન્ય પ્રવાહમાં 'અર્થશાસ્ત્ર' (Economics) વિષયની પરીક્ષામાં જિલ્લાના 7 બિલ્ડિંગોમાં કુલ 1964 વિદ્યાર્થીઓમાંથી 1951 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને 13 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા.

### ગણદેવી-બીલીમોરામાં વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક સાથે સ્વાગત

બીલીમોરા: બોર્ડ પરીક્ષાનો ગુરુવારથી ગણદેવી તાલુકા અને બીલીમોરામાં શાંતિપૂર્ણ માહોલ વચ્ચે પ્રારંભ થયો હતો. ગણદેવી, બીલીમોરા અને અમલસાડ સ્થિત પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી અને ગુલાબનું ફૂલ અર્પણ કરી હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉમંગભેર સ્વાગતથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધ્યો હતો અને પરીક્ષાનો ડર દૂર થતો નજરે પડ્યો હતો. પરીક્ષાની પારદર્શિતા જળવાઈ રહે તે માટે તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની નજર હેઠળ ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગેરરીતિ અટકાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા કડક સૂચનાઓનું પાલન કરાયું હતું. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્ર ખડે પગે તૈનાત રહી શાંતિપૂર્ણ વ્યવસ્થા જાળવી રાખી હતી.

## ધો.10નું ગુજરાતી પ્રશ્નપત્ર સરળ નીકળ્યું

ધરમપુર: ધરમપુર તાલુકામાં ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સકારાત્મક માહોલ જોવા મળ્યો હતો. પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને માનસિક રીતે મજબૂત બનાવવા માટે વિવિધ આગેવાનો તેમજ ધરમપુર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સુંદર પહેલ કરવામાં આવી હતી.

ધરમપુર પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓને ચોકલેટ આપી તેમનું મોઢું મીઠું કરાવવામાં આવ્યું હતું અને તેમને કોઈપણ પ્રકારના તણાવ વગર શાંતિપૂર્વક અને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા પ્રેરણા આપવામાં આવી હતી. પોલીસની આ માનવિય પહેલને વિદ્યાર્થીઓ અને વાલીઓએ વખાણી હતી. ધરમપુર નગરપાલિકા હાઇસ્કૂલ તેમજ એસ.એમ. હાઇસ્કૂલ ખાતે પરીક્ષા શરૂ થાય તે પહેલા આગેવાનો દ્વારા વિદ્યાર્થીઓને તિલક કરી આશીર્વાદ આપવામાં આવ્યા હતા તેમજ મીઠાઈ અને ફૂલ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને નિર્ભય બની પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓ સાથે થયેલી વાતચીત દરમિયાન ધોરણ 10 ના ગુજરાતી વિષયનું પ્રશ્નપત્ર સરળ લાગ્યું હોવાનું જાણવા મળ્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓમાં ખુશી અને આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો. આ ઉપરાંત નાની વહિયાળ હાઇસ્કૂલ ખાતે પણ સ્થાનિક આગેવાનો અને શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી ઉત્તમ પરિણામ માટે પ્રેરણા આપવામાં આવી હતી. શિક્ષણ સંસ્થાઓ, સમાજના આગેવાનો અને પોલીસ વિભાગના આ સંયુક્ત પ્રયાસોથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધે અને તેઓ નિર્ભયતાપૂર્વક પરીક્ષા આપે તેવો સકારાત્મક સંદેશ પ્રસર્યો હતો.



## વલસાડ જિલ્લા પંચાયતનું 5.35 અબજનું પુરાંતવાળું બજેટ

**જિલ્લા** પંચાયત પ્રમુખે રજૂ કરેલું ત્રીજું બજેટ મંજૂર

વલસાડ: વલસાડ જિલ્લા પંચાયતની ગુરુવારે જી.એમ. ઈ.આર.એસ.મેડિકલ કોલેજ કેમ્પસના હોલમાં યોજાયેલી સામાન્ય સભામાં જિલ્લા પંચાયતનું 2026-2027નું રૂ.5.35 અબજથી વધુનું પુરાંતવાળુ અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરાયું હતું. વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ મનહર પટેલની અધ્યક્ષતા હેઠળ તથા જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી વર્તમાન બોડીની સામાન્ય સભામાં 2025-26નું સુધારેલું અને અને 2026-27 ના વર્ષનું બજેટમાં જિલ્લા પંચાયતની સ્વભંડોળની કુલ આવક રૂ.42,64,30,866 તથા ખર્ચ રૂ.36,94,67,000નો અંદાજવામાં આવ્યો હતો. સરકારી પ્રવૃતિની આવક સહિત કુલ આવક રૂ.17,07,93000 સામે કુલ ખર્ચની જોગવાઈ રૂ.11,72,85,28,000 નો અંદાજવામાં આવ્યો છે. જ્યારે પુરાંત રૂ.5,35,07,75,000ની રહેશે.

### 'એકપણ' સભ્ય દ્વારા 'એકપણ' રજૂઆત નહીં

યોજાયેલી સામાન્ય સભા વર્તમાન બોડીની છેલ્લી સભા હોવા છતાં સભા દરમિયાન એકપણ સભ્ય દ્વારા કોઇપણ કામ મુદ્દે એકપણ રજૂઆત કરી ન હતી, એટલું જ નહીં જિલ્લા માટે મહત્વનું બજેટ મંજૂર થવાનું હોવા છતાં બજેટ સંબંધિત પણ કોઈ ચર્ચા સભ્ય દ્વારા કરાઈ ન હતી.

## દમણના ડાભેલની કંપનીમાં 61.75 લાખની લૂંટમાં 5ની ધરપકડ

**ટેમ્પો** સમેત 5440 કિલોના સળિયા અને તાંબાના ભંગારના મુદ્દામાલની રિકવરી કરી

દમણ: સંઘપ્રદેશ દમણના ડાભેલ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી કંપનીમાં લૂંટારુંઓ કંપનીમાંથી લાખ્ખો રૂપિયાના કોપરના જથ્થાની ચોરી કરી ટેમ્પોમાં ફરાર થઈ ગયા હતા. દમણ પોલીસે આ ગુનામાં 5 આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.



દમણના ડાભેલ બાલાજી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ગાળા નં 2 ના પ્લોટ પર આવેલી દમણ વાયર્સ એન્ડ ઈન્સ્યુલેશન અને નેશનલ કન્ડક્ટર્સ નામની કંપનીમાં 21 ફેબ્રુઆરીના રોજ મોડી રાત્રે ટેમ્પામાં આવેલા 8થી 10 જેટલા લૂંટારુંઓએ કંપનીના સુરક્ષા ગાર્ડ અને કામદારોને બંધક બનાવીને તેમના પર હુમલો કરી કંપનીમાં રાખેલ 115 કિલો કોપરના સળિયા અને આશરે 4 હજાર કિલો કોપર સ્ક્રેપ જેની અંદાજિત કિંમત 61.75 લાખ રૂપિયા તથા 42 હજારના 2 મોબાઈલ ફોન અને સી.સી. ટીવી કેમેરાનું ડીવીઆર ચોરીને ફરાર થઈ ગયા હતાં. આ લૂંટમાં પોલીસે આસપાસના સી.સી. ટીવી કેમેરા ફૂટેજની ચકાસણી કરતા જોવા મળ્યું કે, આરોપીઓ ટેમ્પો નંબર MH-04-KU-6291 માં ચોરીનો માલ લઈને જઈ રહ્યા હતાં. આ મામલે ઊંડાણપૂર્વક પોલીસે તપાસ કરતા ટેમ્પો વાપીના મોરાઈથી 5440 કિલોના સળિયા અને તાંબાના ભંગાર સાથેના મુદ્દામાલ સાથે મળી આવ્યો હતો. પોલીસે આ ગુનામાં ટેમ્પાનો 32 વર્ષીય ડ્રાઈવર અકબરઅલી અહમદઅલી મનીહાર (રહે., ડુંગરી ફળિયા, કરવડ, વાપી, મૂળ યુ.પી.) સાથે કબીર ઉસ્માન શેખ (ઉં.વ.50, રહે., વિરાર મન્સૂરી નગર પૂર્વ, મહારાષ્ટ્ર, મૂળ મધ્ય પ્રદેશ) તથા બેતુલ્લા રૂઆબ અલી (ઉં.વ.50, રહે., અશોક નગર, ઘાટકોપર, મહારાષ્ટ્ર, મૂળ ઉત્તર પ્રદેશ) ની ધરપકડ કરી હતી. જે બાદ પોલીસને જાણવા મળ્યું કે, આ કામનો મુખ્ય સુત્રધાર 38 વર્ષીય અબ્દુલ સલામ અબ્દુલરાબ ખાન (રહે., સિલ્વર હાઈટ્સ, સુપ્રિમ એપાર્ટમેન્ટ, ખારીવાડ, દમણ) છે તેને પણ શોધી તેની ધરપકડ કરી હતી. જે બાદ પોલીસને આ કામના ફરાર આરોપીઓ સુરત અને મુંબઈના વિવિધ વિસ્તારોમાં હોય એ પ્રમાણેની જાણકારી મળતા પોલીસની એક ટીમ ઉપરોક્ત સ્થળે જઈને આરોપી બદ્રે આલમ મેહમુદ આલમ ખાન ઉર્ફે બિલ્ડર (ઉં.વ. 39, રહે., વાકનપાડા, વસઈ) ની મહારાષ્ટ્રના થાણેથી ધરપકડ કરી દમણ લાવવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપીઓએ સાથે મળીને આ લૂંટનું કાવતરૂ ઘડી ગુનાને અંજામ આપ્યો હતો.

### વલસાડ પાલિકાની વધુ 17 મિલકતને જપ્તીની નોટિસ

વલસાડ : વલસાડ નગરપાલિકા દ્વારા વેરા વસૂલાત માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ મિલકતો સિલ કરવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં તેમના દ્વારા વલસાડના મોગરાવાડી વિસ્તારમાં 3 વર્ષથી ટેક્સ નહીં ભરનારાઓ સામે આંખ લાલ કરી તેમની મિલકતો સીલ કરી તેના પર જપ્તીની નોટીસો લગાવી હતી. ખાસ કરીને મોગરાવાડી પોલીસ હેડક્વાર્ટર રોડના દુકાનદારો અને ફ્લેટધારકો પર પોતાનો સકંજો કસ્યો હતો કે જેઓ છેલ્લા 3 થી 5 વર્ષથી પાલિકામાં મિકલત વેરાની ચૂકવણી કરતા જ ન હતાં. જેના પગલે પાલિકાએ તેમને પહેલાં નોટિસ પાઠવી હતી. જોકે, પાલિકાની નોટિસનો પણ તેમણે કોઈ જવાબ ન આપતા આખરે પાલિકાએ આ વિસ્તારમાં વેરા વસૂલાત માટે જપ્તીનું શસ્ત્ર ઉગામ્યું હતુ અને તેમણે મિલકત જપ્તીની કામગીરી હાથ ધરી હતી. જેમાં તેમના દ્વારા જપ્તીની નોટિસ લગાવતાની સાથે જ અનેક બાકીદારો વેરો ભરવા દોડી ગયા હતાં. જેમાં તેમણે રૂ. 5.61 લાખનો વેરો એક જ દિવસમાં ભરી દેવાયો હતો.

## ઉમરગામમાં વિદ્યાર્થીઓને ફુલ આપી મોં મીઠું કરાવાયું




ઉમરગામ: ઉમરગામ તાલુકામાં અલગ અલગ પરીક્ષા કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓને ફુલ તથા મો મીઠું કરાવી શુભેચ્છા પાઠવી તનાવ મુક્ત પરીક્ષા આપવા જણાવી વર્ગ ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો

ઉમરગામ એમ એમ હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્ર ઉપર સંસ્થાના ટ્રસ્ટી પ્રમુખ ઈશ્વરભાઈ બારી, મંત્રી ઉલ્લાસભાઈ ટંડેલ તથા ખજાનચી બંકિમભાઈ શાહ અને શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ, સહ આચાર્ય જેસલ શાહ, સુપરવાઈઝર મહેન્દ્રભાઈ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. શાળાના તેમજ અન્ય શાળાના ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમનાં મળી કુલ 711 વિદ્યાર્થીઓ પૈકી 696 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. એમને ચોકલેટ આપી આશીર્વાદ આપ્યા હતા. ભિલાડ શ્રી સ્વામિનારાયણ સ્કૂલ ખાતે પરીક્ષા આપવા આવેલા 1225 વિધાર્થીને પ.પૂ.શ્રી સંતસ્વરુપદાસ સ્વામીજી, પ.પૂ.શ્રી વિશ્વસ્વરુપ સ્વામીજીના સાનિધ્યમાં આશિર્વાદ સાથે સ્કૂલના આચાર્ય હિનાબેન, પ્રતિમાબેનના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ અધ્યક્ષ ભરતભાઈ જાદવ, એમપીના સલાહકાર પ્રકાશભાઈ પટેલ, સામાજીક કાર્યકર અને વિહિપ વિભાગના વિશેષ પ્રમુખ પિયુષભાઈ શાહ, ભીડ સરપંચ વૈશાલીબેન કપીલભાઈ જાદવ, ડે.સરપંચ કમલેશભાઈ, ડહેલી સરપંચ પરભુભાઈ પાટકરે શુભકામનાઓ પાઠવી હતી.